**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) ફરીયાદ વાંચી. દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ સાંભળી. હાલની ફરીયાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હાની કરી છે. ફરીયાદવાળો ચેક ત્રણ વખત બેન્કમાં ડીપોઝીટ કરેલ છે. છેલ્લે તારીખ ૯–૩–૨૦૨૬ ના રોજ ડીપોઝીટ કરાવેલ. તેના પછી સમય મર્યાદામા નોટીસ આપી અને સમય મર્યાદા માં જ આ ફરીયાદ કરી છે જે માટે પોસ્ટ ખાતાના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે અને તેની વિગત ની નોંધ સોગંધનામામા પણ છે. ફરીયાદીવાળો ચેક વેરાવળનો છે અને ફરીયાદીએ ચેક વેરાવળ ના વિસ્તારવાળી બેન્ક અને બ્રાન્ચ માં ભરેલ હોય આ અદાલતની સ્થાનીક હકુમતમા હોય આ કેસમાં નીચે મુજબનો આખરી આદેશ હાલના તબકકે પસાર કરવાનુ જરુરી છે.

-

**<u>આખરી આદેશ</u>**

–– આ ફરીયાદ ને ફોજદારી કેસ નંબર તરીકે રજીસ્ટર્ડ કરવી. આ કામના આરોપીને ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હા નો નિયત નમુનાનો આરોપી સમન્સ ફરીયાદી સાક્ષી લીસ્ટ રજુ કર્યેથી ફરીયાદની નકલ સાથે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ– ૨૨૭ હેઠળ ઈસ્યુ કરવા આદેશ કરવામા આવે છે. અને આ હુકમને અસર આપવા ઈન્કવાયરી આથી ફેસલ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૨૦મી જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

ગીર સોમનાથ એટ વેરાવળ
તારીખ ૨૦/૦૬/૨૦૨૬

પ્રીતેશ યુ. અંધારીયા
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ એટ વેરાવળ
યુઆઈડી–જીજે૦૧૧૧૯